# હસાવે, રડાવે અને લાગણીઓનો સંચાર કરે તેનુ નામ સંગીત : શંકર મહાદેવન

## કારના ચાર પૈડાની જેમ બેલેન્સીંગ થાય ત્યારે ગીત સફળ થાય છે

## ઈન્ટરનેટની દુનિયામાં સંગીતના માધ્યમો આંગળીના ટેરવે છે

ગાંધીનગર, તા. ૧

ચહેરાને હસતો અને રડતો રાખવાની ક્ષમતા ધરાવતુ સંગીત સાંભળવાથી વ્યક્તિની ચિંતા દૂર થાય છે અને તણાવમુક્ત થઈ શકાય છે. સાંભળનારને આનંદમાં રાખવાનુ માધ્યમ એટલે સંગીત જેના થકી લાગણીઓનો સંચાર થાય છે. મ્યુઝિક ઈમોશન કોમ્યુનિકેટ કરવામાં બધુજ પાવરફુલ હોય છે. તેમ સુપ્રસિદ્ધ કલાકાર શંકર મહાદેવને જણાવ્યું હતું. સફળ ગીતની રચના માટે કારના ચાર પૈડા જેવુ બેલેન્સીંગ જરૂરી છે. જેમાં ગાયકી અને સંગીત સાથે અન્ય પરિબળોની પણ હાજરી મહત્વની છે.



(તસવીર : દિપક જાની)

કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવમાં શ્રોતાઓને સંગીતના વિવિધ રસોથી તરબોળ કરી દેનારા સુપ્રસિદ્ધ સંગીતકાર અને ગાયક કલાકાર શંકર મહાદેવન, અહેસાન નુરાની તેમજ લૉય મેન્ડોન્સાની ત્રિપુટી છેલ્લા ૧૮ વર્ષથી સંગીતની દુનિયામાં કામ કરે છે. ગ્રીષ્મોત્સવની ઉજવણી અન્વયે પ્રથમવાર ગાંધીનગર આવેલા શંકર મહાદેવને જણાવ્યું હતું કે ગુજરાતમાં અમદાવાદ અને બરોડા બાદ ગાંધીનગરમાં પ્રથમવાર આ ત્રિપુટીનો મ્યુઝિકલ શૉ યોજવાની તક મળી છે. અત્યાર સુધી ઘણી ફિલ્મો સફળ થઈ છે પરંતુ શ્રોતાઓનો પ્રેમ સૌથી મહત્વનો છે. શ્રોતાઓને હસાવે અને રડાવે તેનુ નામ સંગીત. લાગણીઓની અભિવ્યક્તિ અને સંચાર કરવાનુ કામ સંગીતથી થાય છે. સંગીત કોમ્પુનિકેશનનું પણ સાધન છે. સફળ ગીત માટે કારના ચાર પૈડાની જેમ બધુ બેલેન્સીંગ હોવુ જરૂરી છે. સૂરની સાથે શબ્દો પણ ખુબજ મહત્વના છે. અગાઉના સમયમાં ગીતોનું માધ્યમ માત્ર આકાશવાણી અને દૂરદર્શન પર થતુ, જ્યારે આજે

● અનુસંધાન પાન-૭ પર

## દીલ ચાહતા હે મુંબઈ કે રાસ્તે ભી ગાંધીનગર જેસે બન જાયે...

### ગાંધીનગરમાં આવતા બોલીવુડના કલાકારો નગરની હરિયાળી તેમજ રોડ નેટવર્ક પર આફરિન

ગાંધીનગર તા ૨

ગાંધીનગર કલા અને સાંસ્કૃતિક નગરી તરીકે ઉભરી રહયું છે. જયારે કલા સંસ્થાઓના માધ્યમથી શહેરમાં સમયાંતરે ગીત સંગીતના એકથી એક ચઢીયાતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.કલ્ચરલ ફોરમ આયોજીત ગ્રીષ્મોત્સવમાં પ્રથમ દિવસે પાર્થિવ ગોહીલ સ્વરે મોજથી ઝુમી ઉઠયા હતા. જયારે બીજા દિવસે શંકર મહાદેવન અલબત્ત શંકર અહેસાન લોયની ત્રિપુટીના પરફાર્મન્સથી નગરજનો સંગીતની દુનિયામાં તરબોળ થઈ ગયા હતા.અદભૂત સંગીત અને ગાયકીના સમન્વય વચ્ચે સ્ટેજ પરથી રજુ થતા ધમાકેદાર ગીતોના લીધે શ્રોતાઓને મોજ થઈ ગઈ હતી.કલાકારો સાથે સુર પુરાવી નગરજનોએ ધુમ મચાવી હતી. જયારે કાર્યક્રમ દરમિયાન શંકર મહાદેવન ગાંધીનગરના શ્રોતાઓની સાથે નગરના રોડ નેટવર્કથી પ્રભાવિત હોવાનો એકરાર તેમણે કર્યો હતો.તેમણે સંગીતના અંદાજમાં જ નગરના રોડ નેટવર્કની પ્રશંસા કરી હતી.દીલ ચાહતા હે મુંબઈ મેં ભી ગાંધીનગર જેસે રસ્તે બન જાયે... સામાન્ય રીતે મુંબઈથી આવતા બોલીવુડના કલાકારો નગરની હરિયાળી તેમજ રોડ નેટવર્કથી પ્રભાવિત થતા હોય છે.અગાઉ અભિનેત્રી મુગ્ધાએ પણ શહેરના રસ્તાઓની પ્રશંસા કરી હતી. જયારે પ્રથમવાર ગાંધીનગરમાં કાર્યક્રમ રજુ કરવા આવેલા શંકર મહાદેવનને પણ નગરનું રોડ નેટવર્ક ખુબ પસંદ આવ્યુ હતું.

# શુભ-લાભ આવાસ યોજનાની પ્રતિક્ષા યાદીને અનુલક્ષી આજે ડ્રો

## વાવોલના ડ્રેઇનેજ નેટવર્કના કામોનું પણ લોકાપર્ણ થશે

ગાંધીનગર તા ૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શુભ લાભ આવાસ યોજના અન્વયે બાકીના મકાનોનો ડ્રો કરવામાં આવશે.અગાઉ આવાસ મેળવવા માટે અરજી કરી હોય તેવા પ્રતિક્ષાયાદીમાં સામેલ અરજદારો માટે ડ્રો ની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.સે- ૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં સવારે ૧૦:૩૦ કલાકે આરોગ્ય મંત્રીના હસ્તે મકાનો માટેનો ડ્રો તેમજ વાવોલની ગટર લાઈનના કામનું લોકાપર્ણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અગાઉ રાયસણ ચિલોડા તેમજ અડાલજ ખાતે શુભ લાભ આવાસ યોજના અન્વયે ૧૧૪૦ જેટલા મકાનોનો ડ્રો કરવામાં આવ્યો હતો. ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે તૈયાર કરયેલી આ યોજના અન્વયે મોટાભાગના અરજદારોને મકાનો ફાળવી દેવાયા છે. જયારે આગામી બે મહિનામાં ગુડા દ્વારા લાભાર્થીઓને આવાસોનો કબજો પણ આપી દેવામાં આવશે.જયારે આવાસ યોજનાનું મોટાભાગનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. શુભ લાભ આવાસ યોજના અન્વયે અરજદારોની પ્રતિક્ષા યાદી પણ તૈયાર કરી દેવાઈ છે. જે લાભાર્થીઓને આવાસ મેળવવામાં રસ નથી તેવા કીસ્સામાં પ્રતિક્ષાયાદીના અરજદારોને આવાસ ફાળવવા ડ્રો ની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.ગટર લાઈનના કામો પૂર્ણ થતા વાવોલની સોસાયટીઓમાં ખાળકુવા ઉભરાવાની સમસ્યા હલ થશે.

● અનુસંધાન પાન-૭ પર


સૌજન્ય મુલાકાત - નવનિયુક્ત મુખ્ય સચિવ જી. આર. અલોરિયા સોમવારે રાજભવન ખાતે રાજ્યપાલશ્રીની સૌજન્ય મુલાકાત લીધી તે સમયની તસવીર. (તસવીર : દિપક જાની)

# એકાદ-બે દિવસમાં ગુજરાતમાં છાંટા પડવાની શક્યતા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જાણીતા હવામાન શાસ્ત્રી શ્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે આગામી એકાદ-બે દિવસમાં જ વાતાવરણમાં પલ્ટો આવવાની શક્યતા છે.

આ વખતે કેરળ કાંઠે ચોમાસુ વહેલુ આવવાના પડઘમ સંભળાતા હતા પરંતુ ઉત્તર-પશ્ચિમ પવનોએ ચોમાસાની પેટર્નને અટકાવતા ચોમાસુ


(તસવીર : કશ્યપ નિમાવત)

થોડુ મોડુ પડે તેવા અહેવાલો છે. સામાન્યતહ ઋતુની નિયમિતતા હોય તો ચોમાસુ પણ નિયમિત આવે. આ વખતે વનસ્પતિની વૃદ્ધિ સારી હોવા છતાં આંબા જેવા ફળોમાં કેરી થોડી મોડી આવવામાં છે. લીમડાની લીંબોડી પાકીને નીચે પડે તો વરસાદી ચિહ્નો ગણાય. કાગડા માળા બાંધે. ભેજ વધતા કરોળિયા ઘરમાં જાળા બાંધે તેમજ પશુ-પક્ષીની ચેષ્ટા હજુ નિયમિત ચોમાસાની પૃષ્ટિ કરતા નથી. કૃતિકા નક્ષત્રમાં પણ ગરમી હોતા વાદળો છાંટા છુટી કરીને પલાયન થઈ ગયા હતા. અલનીનોની ગતિવિધિ વખતે ચોમાસામાં ઘણી વખત વિપરીતતા સર્જાતી હોય છે. દેશના પશ્ચિમ કાંઠે તાકીને બેઠેલ વાદળો પૂર્વ કાંઠે વરસી જતા હોય છે. વરસાદ અંગે જોતા ખેડૂતવર્ગમાં રોહિણી નક્ષત્રના વરસાદને આવનાર ચોમાસુ કેવુ રહેશે તે રોહિણીમાં વરસાદ કે છાંટા થતા તેના પરથી અનુમાન બાંધે છે. રોહિણી નક્ષત્રમાં સૂર્ય ૨૫ મે થી આવેલ છે અને ૮મી જૂને સૂર્ય મૃગશીર્ષ નક્ષત્રમાં આવશે. મૃગશીર્ષ નક્ષત્રમાં સૂર્ય આવતા દરિયામાં પવનનો બદલાવ થતો હોય છે.

સામાન્યતહ ચોમાસાના મધ્યભાગમાં ઉત્તરનો પવન હોય તો ચોમાસુ વરસાદ સારો વરસાવી શકે. ચોમાસાની શરૂઆતમાં પશ્ચિમનો પવન સારો. સુર્યા પવનથી પણ વરસાદ આવી શકે. પવન વરસાદને ચોમાસામાં નિયમિત વરસાદી બળ લાવવુ અથવા મોડો વરસાદ લાવવો અથવા સરકારી ફરક્કાને વિખેરી નાંખી પૃથક-પૃથક વરસાદ વરસાવે છે. રોહિણી નક્ષત્ર ઉતરતા એટલે તા. ૪ થી ૭-૮ રોહિણીના છેલ્લા પાયામાં વરસાદ થાય તો રાજ્યમાં ભારે વરસાદ થાય છે. આગામી તા. ૩ થી ૫ જૂનમાં રોહિણી નક્ષત્રનો વરસાદ થવાની સંભાવના છે. રોહિણી નક્ષત્રમાં રેલો થાય તો રોહિણી તેરે થવું. આ વખતનું ચોમાસુ મોડુ હોવા છતાં સારૂ રહેવાની વકી છે. તા. ૨ થી ૫ માં ગુજરાત, મહારાષ્ટ્રમાં વરસાદ થવાની વકી છે.

# સંભવતી રોગચાળાને અટકાવવા ૧૧૪૪ નકામા પાત્રોનો નિકાલ કરાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં સેક્ટ-૧, ૯ અને ૧૯ના વિસ્તારોમાં મચ્છરજન્ય તથા વાહકજન્ય રોગના નિયંત્રણ હેતુ સોર્સ રિડક્શનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી અંતર્ગત ૯૪૦ જેટલા ઘરોની તપાસ કરવામાં આવી હતી અને આશરે ૧૧૪૪ જેટલા નકામા પાત્રોનો નિકાલ કરાયો હતો.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનાં મેલેરિયા તથા આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમ દ્વારા ગત તા. ૩૦ મે ૨૦૧૫ના રોજ શનિવારે વરસાદી ઋતુને ધ્યાને લઈ સંભવિત રોગચાળાની ઉત્પત્તિને અટકાવવા કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ કાર્યવાહી અન્વયે તંત્ર દ્વારા સેક્ટર-૧૯ અને ૧૯ના વિસ્તારોમાં આવેલ ૯૪૦ જેટલા રહેણાંકની તપાસ કરવામાં આવી હતી. જેમાં કુંડા, ટ્રે, જુના ટાયર, ફ્રીઝના ટ્રે, કુલર વગેરે

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલે મહાસંપર્ક અભિયાનની રાષ્ટ્રીય બેઠક

ગાંધીનગર, તા. ૧

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તા. ૨-૬-૨૦૧૫ના રોજ દિલ્હી ખાતે મહાસંપર્ક અભિયાનની રાષ્ટ્રીય બેઠક યોજાશે. આ બેઠકમાં ગુજરાત પ્રદેશના મહાસંપર્ક અભિયાનના ઈન્ચાર્જ અને પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમાર, મહાસંપર્ક અભિયાનના સહ ઈન્ચાર્જ અને પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલ તથા પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા ઉપસ્થિત રહેશે.

# દેશવાસીઓ માટે મોદી સરકારનું એક વર્ષ દેશની પ્રગતિને રૂંધનારૂ અને કુશાસનવાળુ છે

ગાંધીનગર, તા. ૧

મોદી સરકારનું એક વર્ષ પૂર્ણ થયું છે. આ એક વર્ષના આર્થિક હિસાબો અને વહીવટની પરિસ્થિતિએ જોઈએ તો દેશવાસીઓ માટે મોદી સરકારનું આ નાણાંકીય વર્ષ દેશની પ્રગતિને રૂંધનારૂ કુશાસનવાળુ છે, તેવો આક્ષેપ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહીલે કર્યો છે.

કોંગ્રેસના રાટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહીલે જણાવ્યું હતું કે ચૂંટણી સમયે મેક ઈન ઈન્ડિયા કિશાનો કો અપની મહેનત કે પુરે દામ, યુવાનોને રોજગારી, હર દેશવાસી કે એકાઉન્ટમે રૂ. ૧૫ લાખ આયેંગે, મહિલાઓ કી ઔર દેશવાસીઓ કી સુરક્ષા હોંગી, એવા અનેક વાયદાઓ કરીને શાસનમાં આવેલા મોદીના એક વર્ષના હિસાબો જોઈએ તો તદન વિપરીત પરિસ્થિતિ છે.

દેશમાંથી મેન્યુફેક્ચર ગુડ્સ અને સર્વિસીસ પર્સન્ટ ઓફ જી.ડી.પી.ની દષ્ટિએ વર્ષ ૨૦૧૩-૧૪માં ૮ ટકાથી વધારે નિકાસ થતી હતી. મોદી સરકારના કુશાસનના કારણે આ નિકાસ ઘટીને વર્ષ ૨૦૧૪-૧૫માં ૭.૫ ટકા જ થઈ ગઈ છે. કૃષિ અને કૃષિ આધારિત વસ્તુઓ અને ફિશીંગમાં ગ્રોથ ઈન ગ્રોસ વેલ્યુ એડેડ કોન્સટન્ટ વર્ષ-૨૦૧૧-૧૨ની બેઝીક પ્રાઈઝ પર્સન્ટની દષ્ટિએ વર્ષ ૨૦૧૩-૧૪માં ૩.૭ ટકા ગ્રોથ હતો. આ વૃદ્ધિ દરમાં વધારાના બદલે ઘટાડો આવીને વર્ષ ૨૦૧૪-૧૫ ઘટીને માત્ર ૧.૧ ટકા થઈ ગયો છે. આજ રીતે ટ્રેડ હોટેલ્સ રેસ્ટોરન્ટ ટ્રાન્સપોર્ટ અને કોમ્યુનિકેશનમાં ગ્રોથ ૧૧.૪ ટકા વર્ષ ૨૦૧૩-૧૪માં હતો જે મોદી સરકારના આવ્યા પછી વર્ષ ૨૦૧૪-૧૫માં ઘટીને માત્ર ૮.૪ ટકા થઈ ગયો છે ઉપરોક્ત આંકડાઓ સેન્ટ્રલ સ્ટેટેસ્ટીક ઓફિસ દ્વારા પ્રકાશિત ૩૦-૧ તથા ૭-૨-૨૦૧૫ના આધારીત છે.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ એસ.ટી. સેલના વડા તરીકે ડૉ. અનિલ જોષીયારાની નિમણુંક

ગાંધીનગર, તા. ૧

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતિ સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષશ્રી રાહુલ ગાંધીની મંજૂરીથી અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના શીડ્યુલ ટ્રાઈબ (એસ.ટી.)ના વડા શ્રી અજીત જોગીએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ શીડ્યુલ ટ્રાઈબ ડીપાર્ટમેન્ટના ચેરમેન તરીકે ભીલોડાના ધારાસભ્ય અને પૂર્વ આરોગ્ય મંત્રીશ્રી ડૉ. અનિલ જોષીયારાની નિમણુંક કરેલ છે.

ડૉ. અનિલ જોષીયારા કોંગ્રેસ પક્ષના અગ્રણી ધારાસભ્યશ્રી છે. ડૉ. અનિલ જોષીયારાની નિમણુંકને કોંગ્રેસ પક્ષના તમામ આગેવાનોએ આવકારી છે.

# ઓલ ઈન્ડિયા પ્રિસાઈન્ડીંગ ઓફિસર્સ કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટીમાં ગણપતસિંહ વસાવાની નિયુક્તિ

ગાંધીનગર, તા. ૧

લોકસભાના અધ્યક્ષા શ્રીમતિ સુમિત્રા મહાજનજીએ લોકસભાની નવરચિત ઓલ ઈન્ડિયા પ્રિસાઈન્ડીંગ ઓફિસર્સ કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટીમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવાની સભ્ય તરીકે નિયુક્તી કરેલ છે, જેની જાણ આજરોજ લોકસભા સચિવાલય તરફથી કરવામાં આવેલ છે. આ સ્ટેન્ડીંગ કમિટી લોકસભાની હાઈપાવર કમીટી હોય છે. જેમાં લોકસભાના અધ્યક્ષ હોદ્દાની રૂએ ચેરમેન તથા લોકસભાના ઉપાધ્યક્ષ અને રાજ્યસભાના ઉપસભાપતિ



હોદ્દાની રૂે તેના ડેપ્યુટી ચેરમેન તરીકે બિરાજે છે. કુલ ૧૦ સદસ્યો ધરાવતી આ સમિતિમાં ગુજરાત વિધાનસભા અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા ઉપરાંત આસામ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર, પંજાબ અને તમિલનાડુ રાજ્યોની વિધાનસભાના અધ્યક્ષોને પણ સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. શ્રી વસાવા આ અગાઉની સ્ટેન્ડીંગ કમિટીમાં પણ સદસ્ય તરીકે હતા.

# પાટનગર યોજના ભવનમાં ગ્રાંન્ટના અભાવે કોન્ટ્રાકટરોના બીલો અટવાતા આક્રોશ

## છેલ્લા ૬ મહિનાથી બીલોની ચુકવણી ન થતા કામ કરવામાં મુશ્કેલી

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં માળખાગત સુવિધાઓ પુરી પાડવાનું કામ પાટનગર યોજનાના શીરે છે. શહેરમાં પાણી ગટર તેમજ રસ્તાઓ સહિતની મહત્વની કામગીરી તંત્રના માથે છે. આવા સંજોગોમાં જવાબદાર એજન્સીઓમાં સરકારી ચોપડે બીલો સલવાયા હોવાની બુમ ઉઠવા પામી છે.બીલો ન ચુકવાતા કોન્ટ્રાકટરોમાં આક્રોશ પ્રવર્તયો છે.

શહેરમાં પાણી ગટર રસ્તાઓ તેમજ સરકારી આવાસોની જાળવણી સહીતના મહત્વના કામોની જવાબદારી સંભાળતા પાટનગર યોજના ભવનમાં ગ્રાંન્ટના અભાવે વારંવાર કામ સંભાળતી એજન્સીઓએ ધક્કે ચઢવાનો વારો આવે છે. સરકારી આવાસોનું મરામત તેમજ જાળવણીના કામોના બીલ માટે પણ કોન્ટ્રાકટરોએ વારંવાર ઉઘરાણા કરવા પડે છે.છેલ્લા ઘણાં સમયથી ડિવિઝન ૧માં ગ્રાંન્ટ ન આવતા કોન્ટ્રાકટરોને બીલની ઉઘરાણી માટે ધક્કા ખાવા પડે છે. સમયસર બીલોની ચુકવણી ન થતાં કામો પણ મંદ ગતિએ થતા હોવાનો આક્રોશ સેવાઈ રહયો છે.અગાઉ હોળી ધુળેટી સમયે પણ પેમેન્ટ ચુકવવામાં ઢીલ થતા હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

હાલ પાટનગર યોજના ભવનના ટી કોર્નર પર બીલો ન ચુકવાતા હોવાનો આક્રોશ પ્રબળ સ્વરૂપે ચર્ચા પર છે. બીજીતરફ માર્ગ મકાન વિભાગમાં મેન પાવરના અભાવે વહિવટી કામગીરી પર વિપરિત અસર પડી રહી છે. લાંબા સમયથી વિભાગમાં ભરતી ન થતા સમગ્ર તંત્ર ચાર્જમાં ચાલે છે. પ્રજાલક્ષી કામો સંદર્ભે કોઈ સંતોષકારક જવાબ મળતો નથી. ડીવિઝનલ કચેરીમાં ટેબલો ખાલીખમ જોવા મળે છે.અધિક્ષક ઈજનેરોની કેબિનો પણ ખાલી જોવા મળે છે.ત્યારે વિભાગ કક્ષાએથી સમયસર એજન્સીઓને નાંણા ન ચુકવાતા હોવાનો આક્રોશ પણ ચરમસીમાએ પહોંચ્યો છે.

**શ્રીરંગ પાર્ક કો.ઓપ. હાઉસીંગ સ.સોસાયટી લિ.**

વાસણા હડમતિયા, સેક્ટર-૪ પાછળ, ખ-૦, ગાંધીનગર - ૩૮૨૨૦૬

આથી સોસાયટીના સર્વે સભાસદો અને પ્લોટ ધારકોને જણાવવામાં આવે છે કે, મંડળની વર્ષ ૨૦૧૪-૧૫ની છઠ્ઠી વાર્ષિક સાધારણ સભા તા. ૧૪/૬/૨૦૧૫ને રવિવારના રોજ સાંજે ૪-૦૦ વાગે સોસાયટીની ઓફીસ ખાતે વાર્ષિક અહેવાલમાં જણાવેલ કામકાજ કરવા માટે રાખવામાં આવેલ છે. તો દરેક સભાસદે સમયસર હાજર રહેવા વિનંતી છે. સભાનું કામકાજ પૂર્ણ થયે પરિવાર સહ સાથે ભોજન લઈશું.

**તા.ક. : દરેક પ્લોટ ધારક તેમજ રહેવાસીએ મંડળીમાં સભાસદ થવાનું બાકી હોય તેઓએ તાકીદે દસ્તાવેજી પૂરાવા મોકલી આપવા વિનંતી છે.**

| સુરેશભાઈ પટેલ | બાબુભાઈ પટેલ |
|---|---|
| પ્રમુખ | મંત્રી |
| મો. ૯૯૭૪૧ ૩૩૩૯૯ | મો. ૯૫૭૪૯ ૫૪૪૦૩ |

**ધર્મપત્ની સુશિલાબેનને પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



"જાયા એ તો સર્વે જવાના, નથી કોઈ રહેનાર...
મરનારાને તમે શું રુઓ, રોનારા નથી રહેનાર..."
ધીરા ભગતની આ પંક્તિઓએ મને આશ્વાસન આપ્યુ અને આસુ લૂછ્યા...
આપણા ૫૪ વર્ષના લગ્નજીવનના સહવાસ અને સહકારથી હું ધન્ય થઈ ગયો...
તું જ્યાં હો ત્યાં પ્રભુ તને પરમ શાંતિ અર્પે એ જ હૃદયપૂર્વકની પ્રાર્થના સહ....

**શ્રી રસિકલાલ આર. ચૌહાણ**
શ્રીમતી ફોરમ ડી. ટાંક (દીકરી)
શ્રી દેવાંગ એસ. ટાંક (જમાઈ)
વિવાન - વિહાન
શ્રી સુરેશભાઈ ડી. ટાંક
શ્રીમતી દમયંતિબહેન એસ. ટાંક
ચૌહાણ તથા ટાંક પરિવાર
કોન્ટેક્ટ : ૯૩૨૭૦ ૭૮૪૪૭

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.




SANGHI CEMENT, KisaN, ashirvad C. PVC, UPVC, BENELAVE BATH FITTINGS, DR.FIXIT, TATA STEEL • PIPES • SHEETS, VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com